# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 17-09-2024 Evening : 7.50 to 8.00
Day : Tuesday National News

## આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

સૌપ્રથમ મુખ્ય સમાચાર

****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે દેશ 'વિક્સિત ભારત' તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે. સરકારનાં 100 દિવસમાં અનેક યોજનાઓ સાકાર થઈ હોવાનું જણાવ્યું.
- ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, નરેન્દ્ર મોદી સરકાર તેની વર્તમાન મુદત દરમિયાન જ એક રાષ્ટ્ર-એક ચૂંટણીનો અમલ કરશે
- દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે હોદ્દા પરથી રાજીનામું આપ્યુઃ આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા આતિશીને સુકાન સોંપાયું
- કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ- કાશ્મીરમાં 24 વિધાનસભા બેઠકો માટે આવતીકાલે પ્રથમ તબક્કાનું મતદાન થશે.
- ગાંધીનગરમાં યોજાયેલી રીન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર મીટમાં રોકાણકારોએ 2030 સુધીમાં પુનઃપ્રાપ્ય ઊર્જા પ્રોજેક્ટ્સમાં કુલ 32 લાખ 45 હજાર કરોડનાં રોકાણની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી
- હોકીમાં, ભારતે ચીનને તેની જ ધરતી પર હરાવીને પાંચમી વાર એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી જીતીઃ

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM ODISHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જણાવ્યું હતું કે વિકાસની પ્રક્રિયામાં મહિલાઓ, ખેડૂતો, યુવાનો, ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની સમાન ભાગીદારી સાથે દેશ 'વિક્સિત ભારત' તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે. આજે બપોરે ભુવનેશ્વરના જનતા મેદાનમાં એક જાહેર સભાને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે મોદી સરકાર 3.0 આજે 100 દિવસ પૂર્ણ કરી રહી છે અને આ સમયગાળામાં અનેક યોજનાઓ સાકાર થઈ છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, આ 100 દિવસમાં ઘરવિહોણા લોકોને ત્રણ કરોડ પાકા મકાનો, 25 હજાર ગામોમાં પાકા રસ્તા, મેડિકલ કોલેજમાં વધુ 75 હજાર બેઠકો, સરકારી કર્મચારીઓ માટે નવી પેન્શન યોજના, બે લાખ કરોડ રૂપિયાનાં લઘુતમ ટેકાનાં ભાવ સહિત અનેક લાભ આપવામાં આવ્યા છે.

પ્રધાનમંત્રીએ ઓડિશાની મહિલાઓ માટે સુભદ્રા યોજના શરૂ કરી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, સુભદ્રા યોજના મહિલા સશક્તિકરણને વેગ આપશે અને આપણી નારી શક્તિની નાણાકીય સ્વતંત્રતા સુનિશ્ચિત કરશે. આ યોજના હેઠળ 21થી 60 વર્ષની મહિલાઓને પાંચ વર્ષનાં સમયગાળામાં 50 હજાર રૂપિયા મળશે.

પ્રધાનમંત્રીએ બે હજાર 800 કરોડ રૂપિયાની રેલવે યોજનાઓ અને એક હજાર કરોડ રૂપિયાથી વધુની ધોરી માર્ગ યોજનાઓનું શિલારોપણ અને લોકાર્પણ કર્યું હતું. તેમણે પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ હેઠળ 14 રાજ્યોનાં આશરે 10 લાખ લાભાર્થીઓને ત્રણ હજાર 180 કરોડ રૂપિયાનો પ્રથમ હપ્તો પણ જારી કર્યો હતો.
પ્રધાનમંત્રીએ ગરીબોને પૂરા પાડવામાં આવેલા પાકા મકાનો અંગે આ મુજબ જણાવ્યું.

(બાઇટ-પીએમ આવાસ)

## AMIT SHAH 100 DAYS

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, નરેન્દ્ર મોદી સરકાર તેની વર્તમાન મુદત દરમિયાન જ એક રાષ્ટ્ર-એક ચૂંટણીનો અમલ કરશે અને તેની ગણતરીનું કામ ટૂંક સમયમાં શરૂ થશે.

નરેન્દ્ર મોદી સરકારનાં 100 દિવસની સમાપ્તિ પ્રસંગે દિલ્હીમાં આયોજિત પત્રકાર પરિષદમાં શ્રી શાહે જણાવ્યું કે, 100 દિવસમાં અર્થતંત્રને પ્રોત્સાહન આપવા અનેક નિર્ણયો લેવામાં આવ્યા, વિશ્વ કક્ષાની માળખાગત સુવિધાઓ ઊભી કરવામાં આવી, સલામતી વ્યવસ્થા ચુસ્ત બનાવવામાં આવી અને ગરીબ તથા મધ્યમ વર્ગનાં જીવનધોરણમાં સુધારો થયો છે.

સરકારે કરેલાં કાર્યોની વિગતો આપતા શ્રી શાહે આ પ્રમાણે જણાવ્યુઃ

(Byte Amit Shah)

આ પ્રસંગે શ્રી શાહ અને માહિતી પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે સરકારે કરેલા કાર્યોની પુસ્તિકાનું વિમોચન કર્યું હતું. શ્રી શાહે જણાવ્યું કે, છેલ્લાં 10 વર્ષમાં સરકારની કલ્યાણકારી યોજનાઓને કારણે 60 કરોડ ગરીબોને લાભ થયો છે.

ગૃહમંત્રીએ કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ શરૂ થતાં દેશની જૂની શિક્ષણ પ્રણાલી અને આધુનિક શિક્ષણને સમાવીને પ્રાદેશિક ભાષાઓને સન્માન આપવામાં આવ્યું છે. મણિપુરની સ્થિતિ અંગે શ્રી શાહે કહ્યું, કેન્દ્ર સરકારે મણિપુરમાં કાયમી શાંતિ માટેની વ્યૂહરચના તૈયાર કરી લીધી છે.

## DELHI CM

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે તેમનાં હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે. આજે સાંજે શ્રી કેજરીવાલે લેફ્ટનન્ટ ગવર્નર વી કે સક્સેનાને રાજીનામું આપ્યું હતું. હવે આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા આતિશી દિલ્હીનું સુકાન સંભાળશે. આજે નવી દિલ્હીમાં મળેલી પક્ષનાં ધારાસભ્યોની બેઠકમાં તેમને વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા છે.

આતિશીએ પોતાની પ્રતિક્રિયા આપતા આ મુજબ જણાવ્યુઃ

(Byte Atishi)

બેઠક બાદ રાજ્યના મંત્રી ગોપાલ રાયે જણાવ્યું કે, પક્ષની બેઠકમાં સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો છે કે આગામી વિધાનસભા ચૂંટણી યોજાય ત્યાં સુધી અતિશી મુખ્યમંત્રી તરીકે રહેશે. તેમણે કહ્યું કે AAP ઈચ્છે છે કે દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી આ વર્ષે ઓક્ટોબર-નવેમ્બરમાં થાય. શ્રી રાયે ભાજપ પર આમ આદમી પાર્ટીને ખતમ કરવાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો હતો. ભારતીય જનતા પાર્ટીએ આતિશીને મુખ્યમંત્રી બનાવવાની જાહેરાત પર ટીકા કરતા જણાવ્યું કે, માત્ર ચહેરો બદલવાથી પક્ષનું ચરિત્ર નહીં બદલાઈ.

43 વર્ષીય આતિશી કાલકાજી બેઠકનું પ્રતિનિધિત્વ કરે છે. ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાં ઇતિહાસમાં એમએની ડિગ્રી ધરાવતાં અતિશીએ પર્યાવરણ અને શિક્ષણનાં ક્ષેત્રમાં નોંધપાત્ર કાર્ય કર્યું છે. તેઓ દિલ્હી સરકારમાં શિક્ષણ મંત્રી હતા.
ઉલ્લેખનીય છે કે અરવિંદ કેજરીવાલે જેલમાંથી મુક્ત થયા બાદ બે દિવસ પૂર્વે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી હતી

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## PREZ - WATER WEEK

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જળ સંરક્ષણ, વ્યવસ્થાપન સુધારો , વિકાસ અને વિતરણના લક્ષ્યોને હાંસલ કરવા માટે જન આંદોલન શરૂ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. આજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે ૮મા ભારત જળ સપ્તાહનું ઉદ્ઘાટન કરતાં રાષ્ટ્રપતિએ જળ સંરક્ષણ અને ટકાઉપણાના મુદ્દાને

ઉકેલવા માટે સંયુક્ત પ્રયાસોના મહત્વ પર ભાર મૂક્યો હતો. રાષ્ટ્રપતિએ કહ્યું કે, આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી દરમિયાન અમૃત સરોવરોનું નિર્માણ કરવામાં આવ્યું તેમ જ અનેક જળાશયોને પુનઃર્જીવિત કરાયા હતા. સુશ્રી મુર્મૂએ કહ્યું કે, ભારતનાં પ્રાચીન ગ્રંથોમાં હજારો વર્ષો પહેલા જળ સંરક્ષણ હોવાનો ઉલ્લેખ છે.

જળ શક્તિ મંત્રી સી આર પાટીલે સહભાગીઓને મજબૂત સહયોગ, ભાગીદારી અને પ્રગતિશીલ ઉકેલો દ્વારા જળ સંકટનો સામનો કરવા હાકલ કરી હતી. તેમણે જણાવ્યું કે, અત્યાર સુધીમાં 15 કરોડથી વધુ ગ્રામીણ પરિવારોને નળના પાણીના જોડાણો આપવામાં આવ્યા છે.

## J&K- PHASE-I -POLLING

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના સાત જિલ્લાઓની 24 વિધાનસભા બેઠકો માટે આવતીકાલે પ્રથમ તબક્કામાં મતદાન થશે. રાજયમાં દસ વર્ષ બાદ પ્રથમ વખત વિધાનસભાની ચૂંટણી થઇ રહી છે. 24 વિધાનસભા મતવિસ્તારના 23 લાખથી વધુ મતદારો 219 ઉમેદવારોના ભાવિ નક્કી કરશે. જમ્મુ ક્ષેત્રની આઠ અને કાશ્મીર ખીણની 16 વિધાનસભા બેઠકો માટે મતદાન થશે.

ઓગસ્ટ 2019માં કલમ 370 નાબૂદ થયા બાદ જમ્મુ-કાશ્મીરમાં પ્રથમવાર વિધાનસભા ચૂંટણી યોજાશે. કુલ 23 લાખ 27 હજાર 580 મતદારો મતદાન કરશે. શાંતિપૂર્ણ મતદાન સુનિશ્ચિત કરવા કેન્દ્રીય સશસ્ત્ર અર્ધલશ્કરી દળો - CAPF, જમ્મુ અને કાશ્મીર સશસ્ત્ર પોલીસ દળો અને જમ્મુ અને કાશ્મીર પોલીસ તૈનાત કરવામાં આવ્યા છે.

## RE INVEST PRAHLAD JOSHI

કેન્દ્રીય નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રી પ્રહલાદ જોષીએ આજે જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં યોજાયેલી રીન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર મીટની ચોથી

આવૃત્તિમાં રોકાણકારોએ 2030 સુધીમાં પુનઃપ્રાપ્ય ઊર્જા પ્રોજેક્ટ્સમાં કુલ 32 લાખ 45 હજાર કરોડનાં રોકાણની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

આજે ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતા શ્રી જોષીએ જણાવ્યું કે, વિવિધ રાજ્ય સરકારો અને ખાનગી ઉત્પાદકોએ વર્ષ 2030 સુધીમાં સૌર અને પવન ઊર્જા સહિતનાં અક્ષય ઊર્જા ક્ષેત્રોમાં નોંધપાત્ર રોકાણ કરવાની ખાતરી આપી છે. તેમણે જણાવ્યું કે, ઊર્જા ક્ષેત્રમાં તાજેતરમાં આવેલા પરિવર્તનનાં મોજામાં ભારત અગ્રણી રહ્યું છે અને હવે લોકોમાં પુનઃપ્રાપ્ય ઊર્જા અંગે જાગૃતિ ફેલાવવાનો સમય આવી ગયો છે.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આવતી કાલે સમાપન સમારોહનું અધ્યક્ષપદ સંભાળશે.

## HOCKEY

હોકીમાં, ભારતે હુલુનબુઇર ખાતે યજમાન ચીનને એક શૂન્યથી હરાવીને હરાવીને પાંચમી વાર એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી મેળવી છે. આજે સાંજે રમાયેલી રસાકસીભરી મેચમાં ભારત વતી જુગરાજ સિંઘે મેચનો એક માત્ર ગોલ કર્યો હતો. ભારતે આ સતત બીજી વાર એશિયન ચેમ્પિયન ટ્રોફી મેળવી છે. સ્પર્ધામાં તમામ પાંચ મેચમાં વિજય મેળવીને ભારત સૌથી સફળ ટીમ રહી છે. અત્યાર સુધી રમાયેલી આઠ આવૃત્તિમાં ભારત છઠ્ઠી વાર ફાઇનલમાં પ્રવેશ્યું હતું. ચીન પ્રથમ વાર જ ફાઇનલમાં પ્રવેશ્યું હતું.

## GANESH VISARJAN

આજે અનંત ચતુર્દશીએ લાખો ભક્તો ગણપતિ બાપ્પાને ભારે શ્રધ્ધાપૂર્વક અને ધામધુમથી વિદાય આપી રહ્યા છે. ઢોલ, ત્રાંસા અને ડીજેનાં તાલ સાથે અનેક શહેરોમાં ભક્તો ગણપતિ બાપ્પા મોરયા, પુઢચ્યા વર્ષી લૌકર યા...ના નાદ સાથે ગણેશજીને અશ્રુભીની વિદાય આપી રહ્યા છે. અમારા મુંબઇના પ્રતિનિધી જણાવે છે કે, લાલબાગ ચા રાજા, તેજુકાયા ગણેશોત્સવ મંડળ અને ગણેશ ગલ્લી સહિતનાં અનેક

મોટાં ગણપતિ મંડળો ભવ્ય સરઘસ કાઢીને વિસર્જન સ્થળો પર જઈ રહ્યાં છે. ગિરગાંવ ચોપાટી, જુહુ ચોપાટી અને વરલી ચોપાટી સહિતનાં વિવિધ વિસર્જન સ્થળો પણ શ્રધ્ધાળુઓનો સાગર ઉમટી પડ્યો છે. પ્રવાસીઓની સંખ્યામાં વધારાને ધ્યાનમાં રાખીને સત્તાવાળાઓએ વિશેષ લોકલ ટ્રેનની વ્યવસ્થા કરી છે.